વડીલોને વંદન અભિનંદન

હરિભાઇ એમ. નાયક
(૧૯૨૯) ૨૬૫૬૦૭૪૯

ડી.પી.મોદી
(૧૯૪૫) ૨૩૨૨૬૦૩૦

તલોદ સબ ટ્રેઝરી ઓફિસને તાળા મારવાની હરકત સામે કોંગ્રેસના ધરણાં અને રેલી

વિરોધ પ્રદર્શિત કરી આવેદનપત્ર સુપ્રત કર્યું : જલદ આંદોલનની ચિમકી

તલોદ, તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના જ નહિ સમગ્ર ઉત્તર ગુજરાતના વેપારી મથકોની અગ્રીમ હરોળમાં સ્થાન પામી ચુકેલા તાલુકા મથક તલોદ ખાતેની સબ ટ્રેઝરી ઓફિસ બંધ કરી દેવાના રાજય સરકારના આદેશથી તાલુકાભરમાં વ્યાપેલ રોષની લાગણીને પ્રદર્શિત કરવા આજે તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ તથા પ્રજાજનોએ તલોદ ખાતે ધરણાં અને રેલીનું આયોજન કર્યું હતું. તલોદ બજારમાં સૂત્રોચ્ચાર સાથે ફરેલી આ રેલી મામલતદાર કચેરીએ પહોંચી હતી. જયાં પ્રજાલક્ષી પ્રશ્નો અંગે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ તલોદ મામલતદાર મમતાબહેન પ્રજાપતિને આવેદનપત્ર આપ્યું હતું.

તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિએ તથા ઉકત કચેરીની સુવિધાથી વિમુખ થવા જઈ રહેલા પ્રજાજનોએ પણ તલોદની આ પેટા તિજોરી કચેરી બંધ કરી દેવાના રાજય સરકારના નિર્ણયને અમાનુષી અને અન્યાયી લેખીને આગામી દિવસોમાં આ કચેરીની સુવિધા ચાલુ રહે તે માટે જલદ આંદોલન કરવાનો મત વ્યકત કર્યો હતો. આજે વરસતા વરસાદમાં ય અહીં આંદોલનના શ્રી ગણેશ કરવામાં આવ્યા હતા. કોણ જાણે કેમ? રાજય સરકારને મન તલોદ તાલુકો ઓરમાયો કેમ બની ગયો છે? તેવો સવાલ પ્રજાના હૈયામાં જવાળામુખી થઈને ભભૂકી રહ્યો છે.

રાજય સરકાર પ્રજાકીય સુવિધાઓમાં સેવાને બદલે માત્ર ધંધાને જ પ્રાધાન્ય આપતી હોય અને તલોદને હાંસિયામાં ધકેલી દેવાની નીતિરીતિ અખત્યાર કરતી હોય તેવી લાગણી તાલુકાના પ્રજાજનોમાં દિલોદિમાગમાં ઉદભવી છે. જે સરવાળે ગંભીર અને ઘાતક પુરવાર થશે તેમ ભાસી રહ્યું છે. આવકને બહાને ભાજપા હસ્તકની રાજય સરકારે તલોદનો એસ.ટી ડેપો એક જ ઝાટકે બંધ કરી દીધો છે. જેથી

મુસાફર જનતા પારવાર હાલાકી ભોગવી રહી છે તેવા જ અભિગમ સાથે ખર્ચ અને ઉપજ સંદર્ભના બહાના હેઠળ તલોદ તાલુકા માટે અનિવાર્ય એવી સબ ટ્રેઝરી ઓફિસ (પેટા તિજોરી કચેરી) પણ આગામી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૩ સોમવારની સાંજથી કાયમ માટે બંધ કરી દેવાનો નિર્ણય કરીને રાજય સરકારે તાલુકાની પ્રજા માટે મુસીબત સર્જી છે. આ બંને સમસ્યાઓને કેન્દ્રસ્થાને રાખીને આજે આમ પ્રજાની વેદનાને વાચા આપવા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ આંદોલનના પ્રથમ ચરણરૂપે ધરણાં-રેલીના કાર્યક્રમ સાથે આવેનદ પત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત પ્રજાજનોને સંબોધતાં ધારાસભ્ય બારૈયાએ તલોદની પેટા તિજોરી કચેરી બંધ કરી દેવાનો નિર્ણય પ્રતિ સરકાર યોગ્ય નહિ કરે તો, આગામી તા. ૫ ઓકટોબર બાદ સુદઢ આયોજન અનુસાર અસરકારક છતાં જલદ આદોલન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી હતી. તાલુકાની સુવિધાઓને હણી લઈને મનમાની કરતી સરકારની નીતિ-રીતિ સંદર્ભે તમામ વકતાઓએ ઝાટકણી કાઢી હતી. આ પ્રસંગે તાલુકાના કોંગ્રેસના હોદ્દેદારો, ખેડૂતો, કેટલાક વેપારીઓ તથા સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યએ નાણામંત્રી તથા નાણાં વિભાગના અગ્ર સચિવને પણ આ મામલે લેખિત રજૂઆત કરેલ છે.

ઊંઝાની નવજીવન શાળામાં વિવિધ કાર્યક્રમો યોજાયા

ઊંઝા શહેરમાં આવેલી નવજીવન ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ વિકસે એ માટે શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત પર્યાવરણ બચાવો થીમ પર આધારિત ફુલોની રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બે ગ્રુપ પૈકી ધો. ૧ થી ૩માં ૧૦૦ વિદ્યાર્થીઓ અને ગ્રુપ બે માં ધો. ૪ થી ૯ના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રંગોળી સ્પર્ધાના નિર્ણાયક તરીકે ચિત્ર શિક્ષિકા નિધિ બારોટ અને ચિલ્કા પટેલ રહ્યા હતા. આ ફુલોની રંગોળી સ્પર્ધામાં નવજીવન ઈંગ્લિશ મિડિયમના ઈન્ચાર્જ આચાર્ય એલ.ટી. પટેલ તથા સંજયભાઈ સહિતનો સ્ટાફ ગણ હાજર રહ્યો હતો. જેમાં આ રંગોળી સ્પર્ધા જોવા માટે શાળાની અન્ય પ્રવાહના શિક્ષણ અને વિદ્યાર્થીઓ પણ આવ્યા હતા.

ચોથા વર્ગ કર્મચારી મહામંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્ય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ, રાજ્ય કક્ષાની વાર્ષિક સાધારણ સભા કંચનભાઈ રાવલના અધ્યક્ષસ્થાને તા. ૨૮મી સપ્ટેમ્બરે યોજાઈ ગઈ. આ સભામાં મહામંડળના હોદ્દેદારોની વરણી કરાઈ હતી.

જેમાં પ્રમુખ તરીકે રામેશ્વર લોટ અને મહામંત્રી પદે પ્રવિણ સોલંકીની સર્વાનુમતે પસંદગી કરાઈ હતી.

અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં નોંધપાત્ર વધારો થયો

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ શહેરમાં ભારે વરસાદ થયા બાદ હવે ડેન્ગ્યુના કેસમાં વધારો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. જાણકાર તબીબોનું કહેવું છે કે ઓક્ટોબર મહિનામાં ડેન્ગ્યુના કેસોમાં વધારો થઈ શકે છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ડેન્ગ્યુના દર્દીઓ ઉભરાઈ રહ્યા છે. સપ્ટેમ્બર મહિનામાં બિનસત્તાવારરીતે ડેન્ગ્યુના કારણે ૧૨થી વધુ લોકોના મોત થયા છે પરંતુ સત્તવાર રીતે ડેન્ગ્યુના લીધે કોઈ પણ વ્યક્તિનું મોત થયુ નથી. ડેન્ગ્યુના કારણે તંત્ર દ્વારા સાવચેતીના પગલા લેવાયા છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં મૂળભૂતરીતે ડેન્ગ્યુના કેસોમાં વધારો થાય છે કારણ કે આ ગાળા દરમિયાન વરસાદી માહોલ જોવા મળે છે.

ઓક્ટોબરના અંત સુધી ડેન્ગ્યુના કેસ વધી શકે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુના ૩૫૧ જેટલા સત્તાવાર કેસો નોંધાયા છે. બિનસત્તાવારરીતે કેસનો આંકડો હજારથી પણ ઉપર પહોંચી ગયો છે. મ્યુનિ હેલ્થ કમિટિના અધિકારીઓનું માનવુંછે કે તંત્ર દ્વારા સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાને રોકવા માટે પગલા લેવાઈ રહ્યા છે. આરોગ્ય તંત્ર દ્વારા જુદા જુદા વિસ્તારોમાં અને ખાસ કરીને નિંચાણવાળા વિસ્તારોમાં દવાઓના છંટકાવા માટે પણ પગલા લેવાયા છે.

અમદાવાદ શહેરમાં વરસાદી ઝાપટાઓ : વરસાદી માહોલ

અમદાવાદ,તા. ૨૮

અમદાવાદ શહેરના કેટલાક ભાગોમાં છુટાછવાયો વરસાદ જારી રહ્યો છે. આજે પણ દિવસ દરમિયાન ધીમેથી મધ્યમ વરસાદ જારી રહ્યો હતો જેથી રસ્તાઓ ભીના રહ્યા હતા. કેટલીક જગ્યાઓએ ભારે વરસાદથી પાણી પણ ભરાયા હતા. અમદાવાદ શહેરમાં પણ વરસાદી ઝાપટાઓનો દોર જારી રહ્યો છે. અમદાવાદ શહેરમાં પૂર્વ ઝોનમાં કેટલીક ફરિયાદો નોંધાઈ છે. જે મુજબ ગુમાનગર ગણપતિ મંદિર નજીક હાલમાં ડ્રેનેજ બ્રેકડાઉનની કામગીરી ચાલી રહી હોવાનું જાણવા મળી રહ્યુ છે. વરસાદી પાણીના ત્વરીત નિકાલ માટે કેટલાક વિસ્તારોમાં પંપ પણ મૂકવામાં આવ્યા છે. રખિયાલ, ચાંદલોડિયા, કુબેરનગર, દાણીલિમડામાં પાણીના ત્વરીત નિકાલ માટે પંપ મુકવામાં આવ્યા છે. શહેરના જુદા જુદા ઝોનમાં ત્વરીત પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં જ અમદાવાદ શહેરમાં પણ ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી.

જેથી જનજીવન ખોરવાઈ ગયુ હતુ. અમદાવાદ માટે આગાહીમાં જણાવવામાં આવ્યુ છે કે કેટલીક જગ્યાઓએ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. બીજી બાજુ હવામાન વિભાગે ગુજરાતના ઘણા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી જારી કરી છે. ઉત્તરગુજરાત અને કચ્છમાં આગામી ૩૬ કલાક દરમિયાન ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

પાલનપુરના મુસ્લીમ સમુદાયના લોકો પવિત્ર એવી મક્કા મદીનાની હજ યાત્રાએ જવા પાલનપુરના જામપુરા વિસ્તારમાંથી બસમાં બેસી રવાના થયા હતા. ત્યારે શહેરના ઢુંઢીયાવાડી વિસ્તારમાંથી પહેલી ટીમ રવાના થઈ હતી. ત્યારે સમૂહમાં દુઆ કરી હજયાત્રા સુખરૂપ સંપન્ન થાય તે માટે બંદગી કરવામાં આવી હતી. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

શબ્દાવલી - ૫૧૯૦

૧	૨	૩		૪	■	૫	૬
૭			■	૮	૯		
	■	■	૧૦	■		■	■
૧૧		૧૨		૧૩	■	૧૪	
	■	૧૫			૧૬		■
■	૧૭		■	■	૧૮		૧૯
૨૦				■	■	■	
૨૧			■	૨૨			

આડી ચાવી

૧. આ ઝાડના પાનનું તોરણ બંધાય (૫)
૫. બગીચો, ફૂવાવાળુ ખેતર (૨)
૭. કાયદો, લૉ (૩)
૮. .... માંહે પોલ, કહેવતમાં ઢોલ (૪)
૧૧. વિધવા સ્ત્રી (૫)
૧૪. ઉપકાર, આભાર (૨)
૧૫. વેપારની વસ્તુનું એક દેશથી બીજે દેશ જવું તે (૨)
૧૮. વિચારને હિન્દીમાં... કહેવાય (૩)
૨૦. વિચારને હિન્દીમાં... કહેવાય (૩)
૨૦. અઢળક, ખુબ જ (૪)
૨૧. અળદશા, પડતી (૩)
૨૨. પડદો, ઢાંકણ (૪)

ઊભી ચાવી

૧. આકાશમાં રાત્રે દેખાતો નિહારિકાનો વિશાળ પટ્ટો (૫)
૨. કંચન, કનક (૨)
૩. પત્તુ, પાંદડુ (૨)
૪. ડાંટ, વઢે તે (૨)
૫. કાપો, ચીરો (૨)
૬. શરીર, તન (૨)
૯. માતાજીનું મંદિર (૨)
૧૦. મદારી, વાદી (૩)
૧૨. રૂપાળુ, ખુબસૂરત (૫)
૧૩. રસી, પસ (૨)
૧૪. ખાંભીઓ, સ્મારક (૩)
૧૬. આ શબ્દના પહેલા અક્ષર ઉપર મીંડુ મુકો તો પક્ષીને ઉડવામાં મદદ કરતી... થાય (૨)
૧૭. દાન, દક્ષિણા (૩)
૧૯. એક કંદ (૩)
૨૦. ખરાબ કર્મ કરવાથી... લાગે તેવી ધાર્મિક લાગણી (૨)

શબ્દાવલી ૫૧૮૯ના જવાબ

આડી ચાવી :- (૧) ફકર (૪) આરાધના (૭) ફરીસ્તો (૮) નથ (૯) ડામ (૧૦) ધિક્કાર (૧૨) વિર (૧૩) ફર્જ (૧૪) અરાજકતા (૧૭) ખેપાન (૧૮) દરવાજો (૨૦) રાસ (૨૧) મમ (૨૨) મડુ (૨૩) તરોતાજા (૨૪) વાન

ઊભી ચાવી :- (૧) ફફડાટ (૨) કરીમ (૩) રસ્તો (૫) ધન (૬) નાથવું (૧૦) ધિરજ (૧૧) રફતાર (૧૨) વિરાન (૧૪) અપાસરો (૧૫) કદમ (૧૬) કજોડું (૧૭) ખેરાત (૧૯) વામન (૨૧) મજા

બોર્ડના ઈતિહાસમાં પ્રથમ વાર ઓનલાઈન ફોર્મનો પ્રયોગ થશે

માર્ચ-૨૦૧૪ની ધોરણ-૧૦ની એસએસસીની પરીક્ષાનો ફોર્મ ઓનલાઈન ભરી શકાશે : વિદ્યાર્થીઓને રાહત થશે

અમદાવાદ, તા.૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૪માં લેવાનાર ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સુવિધા ઉપલબ્ધ કરવાની છે. શિક્ષણ બોર્ડના ઈતિહાસમાં પ્રથમ વખત બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાનો અમલ આ વર્ષે થશે. જેમાં ઓક્ટોબરના પ્રથમ સપ્તાહથી વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ ઉપર જઈને બોર્ડની પરીક્ષાનું ફોર્મ ઓનલાઈન ભરી શકશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ટેકનોલોજીના માધ્યમથી વહીવટને વધુ સરળ અને પારદર્શી બનાવવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે માર્ચ-૨૦૧૪માં લેવાનાર ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે વિદ્યાર્થીઓ ઓક્ટોબર મહીનાના પ્રથમ સપ્તાહથી શિક્ષણ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર જઈ બોર્ડની પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરી શકશે. આ માટે બોર્ડ દ્વારા તમામ માધ્યમિક શાળાઓને વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરાવવા માટે તાલીમ આપવા જણાવાયું છે. આ ઓનલાઈન ફોર્મ ભરતા પહેલા શાળાના આચાર્યોએ ઝિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીમાંથી બોર્ડ દ્વારા ફાળવેલ ઈન્ડેક્ષ નંબર અને પાસવર્ડ મેળવી લેવાનો રહેશે ત્યારબાદ બોર્ડની વેબસાઈટ ઉપર ફોર્મ ભરવાનું રહેશે. જેમાં વિદ્યાર્થીઓની અટક, નામ, પિતાનું નામ, જીઆર નંબર, જન્મ તારીખ, વાલીની વાર્ષિક આવક, મોબાઈલ નંબર, ઉમેદવારનો ફોટો, સહી તમામ વિગતો ભરવાની રહેશે.

આ માટે વિદ્યાર્થીઓએ પોતાનો તાજેતરનો ફોટો અને સહી સ્કેન કરીને ૧૨૦ટ૧૦૦ની લંબાઈ અને ૫ થી ૨૦ કેબી સુધીની સાઈઝના અપલોડ કરવાનો રહેશે. જેમાં વિદ્યાર્થીઓ આધાર કાર્ડ અને બીપીએલ કાર્ડનો નંબર પણ દાખલ કરી શકશે. ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ વિદ્યાર્થી ફોર્મની નકલ કક્ષાની તેને આચાર્ય પાસે પ્રમાણિત કરાવીને સાચવી રાખવાની રહેશે. ઉલ્લેખનીય છે કે આ વર્ષ શિક્ષણ બોર્ડ દ્વારા ઈતિહાસમાં પ્રથમ વખત ઓનલાઈન ફોર્મ ભરવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

મુશળધાર વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વારંવાર હળવાથી ભારે ઝાપટા પડતા શહેર આખું ભીંજાઈ રહ્યું છે. વરસાદનું જોર ચોકકસ ઘટયું છે. પરંતુ સંપૂર્ણપણે બંધ થયો નથી. ગઈ કાલે રાત્રે પુનઃ અડધા કલાક સુધી જોરદાર ઝાપટું વરસ્યું હતું. તે પછી વરસાદ બંધ રહ્યો હતો. સવારથી મોડી સાંજ સુધી ધીમી ધારના ઝાપટા પડતા રહ્યા હતા. વાદળો ઓછા થતા થોડીકવાર માટે તડકો પણ નીકળ્યો હતો. તડકો નીકળતા ગૃહિણીઓ ખુશખુશાલ થઈ ગઈ હતી. ઘણા દિવસોથી ન સુકાયેલા કપડાં તડકામાં નાંખ્યા હતા હજુ તો તડકો નીકળવાનો આનંદ માણે ત્યાં તો પુનઃ વરસાદી ઝાપટું પડયું હતું. વારંવાર ઝાપટા પડતા શહેર આખુ ભીંજાઈ ગયું છે. જયાં ત્યાં કાદવ કિચડ જમા થયો છે અને ગંદકી ફેલાઈ છે. આ વર્ષે વરસાદે છેલ્લા છ વર્ષના તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે. અને કુલ વરસાદ ૧૦૨૨ મી.મી સુધી પહોંચ્યો છે. આજે મહત્તમ તાપમાન ૨૯.૦ ડિ.સે., લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિ.સે. ભેજનું પ્રમાણ સવારે અને સાંજે ૯૬ ટકા રહ્યું હતું.

૧૩૭ ટકા વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે રાજકોટ જિલ્લાના સરેરાશ ૬૦૯ મી.મી. વરસાદ સામે આ વર્ષે ૧૦૭૨ મી.મી., મોરબી જિલ્લામાં સરેરાશ વરસાદ ૫૦૦ મી.મી. સામે ૭૬૨ મી.મી., દેવભૂમી દ્વારકા જિલ્લામાં સરેરાશ ૫૮૩ મી.મી. સામે આ વર્ષે ૧૦૧૧ મી.મી., પોરબંદર જિલ્લામાં સરેરાશ ૬૮૯ મી.મી. સામે આ વર્ષે ૧૧૩૧ મી.મી. જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

આ ઉપરાંત ભાવનગર જિલ્લામાં પણ સરેરાશ ૫૭૧ મી.મી. સામે ૮૭૯ મી.મી., બોટાદ જિલ્લામાં સરેરાશ ૫૪ મી.મી. સામે ૯૧૭ મી.મી., ભરૂચ જિલ્લામાં સરેરાશ ૭૦૫ મી.મી. સામે આ વર્ષે ૧૨૧૪ મી.મી., નર્મદા જિલ્લામાં સરેરાશ ૧૦૬૭ મી.મી. સામે ૧૬૦૩ મી.મી., તાપી જિલ્લામાં સરેરાશ ૧૩૩૮ મી.મી. સામે ૧૭૫૩ મી.મી. જેટલો ભારે વરસાદ નોંધાવા પામ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં એક તાલુકો એવો છે જ્યાં માત્ર ૧૭૫ થી ૨૫૦ મી.મી. જેટલો જ વરસાદ નોંધાયો છે જ્યારે ૬ તાલુકાઓ એવા છે જ્યાં ૨૫૧ થી ૫૦૦ મી.મી., ૧૧૪ તાલુકાઓમાં કુલ ૫૦૧ થી ૧૦૦૦ મી.મી. અને ૧૦૪ તાલુકાઓ એવા છે જ્યાં કુલ એક હજાર મી.મી. કરતા વધુ વરસાદ નોંધાવા પામ્યો છે.

ઝોનવાર જો વરસાદના આંકડા જોઈએ તો સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૧૪૨ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે મધ્યગુજરાતમાં ૧૩૯ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૩૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૨૬ ટકા અને કચ્છ ઝોનમાં ૧૬૩ ટકા વરસાદ નોંધાવા પામ્યો છે.

માયાબેન કોડનાની તબિયત સુધરતા જેલમાં લઈ જવાયા

ભૂતપૂર્વ પ્રધાન અને સમગ્ર દેશને હચમચાવી મુકનાર નરોડા પાટિયા કેસમાં દોષિત જાહેર થયેલા માયાબહેન કોડનાનીને એકાએક છાંતીમાં દુખાવો ઉપડતા તેમને અમદાવાદની યુએન મહેતા હાર્ટ ઈન્સ્ટિટ્યુટ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જોકે મોડેથી તેમની તબિયતમાં સુધારો થયો હતો જેથી તેમને ફરી સાબરમતી જેલમાં લઈ જવાયા હતા. માયા બહેનને નરોડા પાટિયા કેસમાં અપરાધી જાહેર કરવામાં આવ્યા હતા. માયાબહેનને આકરી સજા કરવામાં આવ્યા બાદ તેમના સમર્થકોમાં અગાઉ રોષનું મોજુ ફરી વળ્યુ હતુ. માયાબહેનનું વજન જેલમાં ખૂબ ઉતરી ગયુ હોવાનું જાણવા મળ્યુ છે. આશરે ૧૦ કિલો વજન તેમનું ઉતરી ગયુ છે.

નજીકના સુત્રોના કહેવા મુજબ માયા બહેનની તબિયત હવે સુધાર હેઠળ છે. શનિવારે માયાબહેનને ગભરામણની ફરિયાદ થતા તેમને સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. અત્રે ઉલ્લખનીય છેકે માયાબહેનને ૨૮ વર્ષની સજા કરવામાં આવી હતી. માયાબહેનની સાથે સાથે બાબુ બજરંગીને પણ આ કેસમાં કઠોર સજા કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદી સરકારમાં માયાબહેન પ્રધાન તરીકેની સેવા પણ આપી ચુક્યા છે.

ટૂંકી જાહેર નિવિદા નં.-૪ સને ૨૦૧૩-૧૪

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટા વિભાગ, બ્લોક નં.એ, પાટનગર યોજના ભવન, બીજા માળે, સેક્ટર-૧૬, ગાંધીનગર (ફોન નં. ૨૩૨૨૩૮૫૯)ની કચેરી તરફથી રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટરો બેકાર ઈજનેરો અને સેલટેક્ષ નંબર ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી નીચે જણાવેલ કામો સીલબંધ ટેન્ડરો રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ એ.ડી.થી માંગવામાં આવે છે.

અ. નં.	કામનું નામ	(૧) બાનાની રકમ (૨) ટેન્ડરની ફી (૩) રજીસ્ટ્રેશનની કક્ષા (શ્રેણી)	ટેન્ડરો ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ / ટેન્ડરો સ્વીકારવાની છેલ્લી તારીખ
૧	૨	૩	૪
૧	ચીલોડા-ગાંધીનગર-સરખેજ રોડ રા.ધો. માર્ગ ૮-કના કીમી.૧૧/૦ થી ૨૨/૦ વચ્ચે સીન્થેટીક રબ્બર બ્લેન્ડ, સ્પીડ બ્રેકર નાખવાનું કામ	૧. ૯૦૦.૦૦ ૨. ૩૦૦.૦૦	૭/૧૦/૨૦૧૩ ૧૧/૧૦/૨૦૧૩

આ કામની વિગતવાર નોટીસ ગુજરાત રાજયના માહિતી વિભાગની વેબસાઈટ **www.statetenders.com** પર મુકવામાં આવેલ છે. આ કામ અંગેની વધુ માહિતી કામકાજના દિવસો દરમિયાન ઉપરોકત કચેરીમાં રૂબરૂ મુલાકાત સાધવાની મળી શકશે.

માહિતી/૧૩૫૬/૧૩-૧૪

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગર

જાહેર ટેન્ડર નોટીસ

આથી માનવ શક્તિ (મેન પાવર્સ) પૂરો પાડતી જાણીતી અને અનુભવી સંસ્થા પાસેથી આ કચેરી સંવર્ગના પટાવાળા વર્ગ-૪ની સાત (૭) જગ્યાઓ ૧ વર્ષના સમયગાળા માટે આઉટ સોર્સીંગથી ભરવા અંગે ટેન્ડર / ભાવપત્રકો મંગાવવામાં આવે છે. સદર ટેન્ડરની વિગત 'નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સે.૧૮, ગાંધીનગર' ખાતેથી મળી શકશે. ટેન્ડર (ભાવપત્રક) નાયબ નિયામકશ્રી (પીએલએમ-૫), અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સે.૧૮, ગાંધીનગરના નામે કવર ઉપર 'પટાવાળા વર્ગ-૪ની જગ્યા માટે મેનપાવર્સ પૂરો પાડવાના ભાવપત્રક' એમ લખાણ સાથે રજૂ કરવાના રહેશે.

સદર ટેન્ડર (ભાવપત્રક) મેળવવાની છેલ્લી તા. ૮/૧૦/૨૦૧૩ રહેશે તથા ભાવપત્રકો રજી.પો.એ.ડી.થી તા. ૯/૧૦/૨૦૧૩ના સાંજના ૬-૦૦ કલાક સુધીમાં પરત મોકલી આપવાના રહેશે.

આ અંગે સંપૂર્ણ માહિતી ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ છે તથા અત્રેની કચેરીની website : www.gujecostat@gujarat.gov.in ઉપરથી પણ જોઈ શકાશે.

તારીખ :-
સ્થળ : ગાંધીનગર
માહિતી/૧૩૫૭/૧૩-૧૪

નાયબ નિયામક (પીએલએમ-૫)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર
ગાંધીનગર

ટચૂકડી જાહેર ખબર
બ્યુટી પાર્લર
(લેડીઝ ઓન્લી)
ધમાકેદાર 4-in-1 ઓફર !!
ફેસિયલ+વેક્સ+બ્લેકમસાજ
+ આઈબ્રો વીથ અપરલીપ્સ
માત્ર રૂ. ૨૫૦/-માં જ
તે પણ આપના ઘરે બેઠા જ (હોમ સર્વીસ)
મો. : ૯૪૨૬૫ ૬૬૨૦૧
મો. : ૮૭૩૫૦ ૪૨૮૩૦